ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર, નાગપુર

**ICAR-Central Institute for Cotton Research, Nagpur**

An ISO 9001:2015 Certified Organization

# ૯ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન કપાસની ખેતી પધ્ધતિ માટે ૩૪ મી અઠવાડિક સલાહ

| ગુજરાત | | છેલ્લા અઠવાડિયામાં પડેલ ખરેખર વરસાદ (મીમી) | | | | | આગામી અઠવાડિયા માટે સુચિત / પુર્વાનુમાન વરસાદ (મીમી) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જાન્યુઆરી | | | | | જાન્યુઆરી | | | | |
| | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|  | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાબરકાંઠા | | | | | | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ પડેલ વરસાદ અને પ્રમાણિત રંગ | | ૦.૧ થી ૨.૪ મીમી | | ૨.૫ થી ૧૫.૫ મીમી | | ૧૫.૬ થી ૬૪.૪ મીમી | | ૬૪.૫ થી ૧૧૫.૫ | | ૧૧૫ થી ૨૦૪.૪ મીમી | |
| પડેલ વરસાદનું વર્ગીકરણ | | ખૂબ જ ઓછો વરસાદ | | ઓછો વરસાદ | | મધ્યમ વરસાદ | | ભારે વરસાદ | | અતિ ભારે વરસાદ | |

**પાક પરિસ્થિતિ :**

સુરત ખાતે પાક લગભગ પુર્ણ થયેલ છે.

જુનાગઢ ખાતે અંતિમ વીણી લગભગ પુર્ણ થયેલ છે.

**સલાહ :**

સુરત ખાતે ખેડુતોને, ખેતરમાંથી સંક્રમિત જીંડવાઓ અને પાકનાં અવશેષો ભેગા કરીને નાશ કરવાની સલાહ આપવામાં આવે છે. કપાસની વીણી કર્યા બાદ તેમાંથી ભેજ ઓછો કરવા પાકા ભોયતળિયા ઉપર પાથરી અથવા તાડપતરી ઉપર ફેલાવી સુર્યપ્રકાશની હાજરીમાં ટપવા દેવું. પુર્ણ સ્વરૂપે ખુલેલા જીંડવામાંથી સમયસર વીણી કરી લેવી. ઉપદ્રવિત જીંડવાઓથી થતો ગુલાબી ઈયળનો ફેલાવો અટકાવવા કપાસની કરસાંઠીઓને ઉખાડીને નાના ટુકડા કરી કંપોસ્ટીંગ માટે ઉપયોગ કરવો. કરસાંઠીઓનો ખેતરોનાં શેઢાપાળા ઉપર કે નજીકની કોલોનીમાં ઢગલાંઓમાં સંગ્રહ ન કરવો. કપાસનાં પાકની વીણી પુરી થયા બાદ યાંત્રિક શ્રેડરની મદદથી કપાસની કરસાંઠીઓને જમીનમાં ભેળવી દેવાથી ગુલાબી ઈયળની વસ્તીમાં ઘટાડો કરી શકાય છે. કોહવાયેલાં જીંડવાઓ, પાકનાં રોગિષ્ઠ અવશેષો અને જમીન અથવા છોડ ઉપર રહેલ પાક અવશેષોનો ખેતરમાંથી નિકાલ કરવાથી જંતુઓનો ફેલાવો અને રોગકારકોનાં બીજનાં પ્રમાણમાં ઘટાડો થાય છે.

જુનાગઢ ખાતે ખેડુતોને, વધેલા જીવાત/ જંતુઓ તથા ગુલાબી ઈયળથી સંક્રમિત ખરાબ ખુલ્લાં જીંવાઓનાં નિકાલ માટે ઢોર–ઢાંખર અને ઘેટાંઓને ખેતરમાં ચરવા છોડી દેવાની સલાહ આપવામાં આવે છે. શકય હોય તેટલી ઝડપથી કપાસનો પાક પુર્ણ કરવો. બીજી સીઝનમાં ગુલાબી ઈયળનો ફેલાવો અટકાવવા કપાસની ઉખેડી નાંખેલી કપાસની કરસાંઠીઓનો બળતણ તરીકે ઉપયોગ કરવો અથવા શ્રેડરની મદદથી નાના ટુકડાઓ કરી જમીનમાં ભેળવી દેવા.  કોહવાયેલાં જીંડવાઓ, પાકનાં રોગિષ્ઠ અવશેષો અને જમીન અથવા છોડ ઉપર રહેલ પાક અવશેષોનો ખેતરમાંથી નિકાલ કરવાથી જંતુઓનો ફેલાવો અને રોગકારકોનાં બીજનાં પ્રમાણમાં ઘટાડો થાય છે.

કપાસ ઉત્પાદનની તાંત્રિકતા આધારિત વિસ્તૃત માહિતી દા.ત. જમીનની પસંદગી, જાતો/ સંકરો, ખાતર આપવાની પધ્ધતિ, વાવણીની રીત, પિયત પધ્ધતિઓ, નિંદામણ, કિટકો અને રોગોનું વ્યવસ્થાપન વિગેરેની માહિતી એન્ડ્રોઈડ આધારીત CICR Cotton App. કે જે ICAR-CICR, નાગપુર દ્વારા તૈયાર કરેલ છે. આ એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકાય છે. વધુમાં, પાક વૃધ્ધિ અવસ્થા અને હવામાન આધારિત અઠવાડિક સલાહ ICAR-CICR, નાગપુરની વેબસાઈટ ઉપર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જેનો લાભ ખેડુતો લઈ શકે છે.